તા- ૨૬/૦૫/૨૦૨૦




स्वयमेव मृगेन्द्रता

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | | | 7 | | | | |
| | | | 5 | 9 | | 1 | 3 | |
| | | | | 2 | 3 | | 6 | 7 |
| | | | | | | | 9 | 6 |
| 8 | 1 | 4 | | | | | | |
| | | | 7 | | 5 | | | |
| 4 | | 2 | 1 | | | 6 | | |
| | | 8 | | | 6 | 3 | 1 | |
| | | 1 | | 3 | | 8 | | 9 |

# ઉખાણું

ધોમધખતો તાપ સહીને
દેતું શીતળ છાંય ,
પથ્થર મારો તો પણ
દેતું મીઠા ફળ.

# જોડકણા

ઝભલું પહેરી ભઈલો મારો ધીમે-ધીમે ખસે,
ગલુડિયાનું ગેલ નિહાળી મીઠું-મીઠું હસે.

# ક્રિયાકલાપ

| | |
|---|---|
| સાધન સામગ્રી | પેન, કાગળ, બંગડી, પ્લાસ્ટીકની બોટલનું ઢાંકણ |
| વર્ણન | પ્લાસ્ટીકની બોટલના ઢાકણમાં ૨-૩ કાણાં પાડવા કાગળ પર બંગડી રાખી વચ્ચે ઢાંકણ મૂકી તેમાં રહેલ કાણાંમાં પેન રાખી પેન ફેરવવી. |



# ચિત્ર



# વાર્તા

## ખાનદાની

એક નગરમાં રામદાસ નામે શેઠ રહેતા હતા. ખરા અર્થમાં તેઓ રામદાસ હતા. એમના ઘરે એક બેન રહેતી. નાની આઠ વર્ષની હતી ત્યારથી જ એ શેઠના ઘરનું બધું કામકાજ કરતી હતી. વફાદારી અને પ્રામાણિકતા માટે શેઠ એના પર અનહદ ખુશ હતા. ગમે ત્યારે શેઠ અને શેઠાણી આખું ઘર એને સોંપીને નીકળી જતા.

એક દિવસની વાત છે. રાબેતા મુજબ બાઈને ઘર સોંપીને બધા બહાર ફરવા ગયા હતા. કોઈ કારણથી એમને ધારણા કરતાં વહેલું આવવાનું થયું. ઘરમાં દાખલ થતાં જ શેઠે જોયું કે બાઈ કબાટ ખોલીને થોડીક રકમ (પૈસાની નોટો) કેડના છેડે ખોસતી હતી.

પોતાને શેઠ જોઈ ગયા છે. એવી જો બાઈને ખબર પડી જાય તો બેનને પકડાઈ ગયા બદલ ખૂબ આઘાત લાગે. આવું ન બને, માટે શેઠે જાણે એ તરફ જોયું જ નથી તેવો દેખાવ કર્યો અને ઘરમાં બીજે બારણેથી અંદર પ્રવેશ કર્યો. બાઈ તરત કામમાં પોરવાઈ ગઈ.



શેઠાણી ચૂપચાપ આ દૃશ્ય જોઈ રહ્યાં. શેઠનાં દરેક કાર્ય પર અતૂટ શ્રધ્ધા હોવાથી તેઓ પણ કંઈ ન બોલ્યાં. તે રાતે શેઠાણીએ શેઠને એમના આવા વર્તન પાછળનું રહસ્ય પૂછ્યું.

શેઠે ખૂબ પ્રેમથી જવાબ આપતા કહ્યું, ‘‘જે બેન સમગ્ર જીવન અણિશુદ્ધ પ્રામાણિક રહી હોય તેને એક ભૂલમાં ઉઘાડી પાડવી એ તો મારી નરી ક્રૂરતા કહેવાય. એની આ એક ભૂલ ઉપર એનું આખું જીવન ધૂળ ભેગું ન જ કરી શકાય. હું એના ઘરે તપાસ કરીશ. નક્કી એ કોઈ આપત્તિમાં હોવી જોઈએ.’’

શેઠનો જવાબ સાંભળી શેઠાણીનું મસ્તક આદરભાવથી ઝૂકી ગયું. આનું નામ ખાનદાની.

■

[https://www.facebook.com/watch/?v=1405474286329815](https://www.facebook.com/watch/?v=1405474286329815)

# વિજ્ઞાન પ્રયોગ

૨૪





## મોટા ફુગ્ગાને ખાઈ જતી બરણી




**સાધન-સામગ્રી** : જાર (બરણી), મૅચ-બૉક્સ, કાગળનો ટુકડો, ફુગ્ગો

**તૈયારી** : ફુગ્ગાને પાણીથી ભરી દો જેથી તે બરણીના મુખથી થોડો મોટો બની જાય.

**કૃતિ** :

૧. બરણીના મુખ ઉપર પાણી ભરેલો ફુગ્ગો મૂકો. (ફુગ્ગો અંદર જશે નહિ.)

૨. ફુગ્ગાને દૂર કરી કાગળનો મોટો ટુકડો સળગાવી બરણીમાં મૂકો.

૩. જેવી આગ હોલવાવા લાગે ફુગ્ગાને બરણીના મુખ ઉપર મૂકી દો.

**નિરીક્ષણ** : મોટો ફુગ્ગો બરણીમાં સમાઈ જશે.

**શા માટે ?** :

૧. જ્યારે બરણીમાં કાગળનો ટુકડો સળગે છે ત્યારે આગ હવાને ગરમ કરે છે. હવા પ્રસરે છે અને હલકી બનીને ઉપર જાય છે અને બરણીમાં હવાનું હલકું દબાણ સર્જી બહાર નીકળે છે.

૨. બરણી બહારની હવાને અંદર ધકેલવા પ્રયત્ન કરે છે તે દરમિયાન ફુગ્ગો અંદર સરકી જાય છે.

**સિદ્ધાંત** :

૧. વાતાવરણના દબાણની અસર

૨. હવાનું પ્રસરણ અને સંકોચન

| ગૃહકાર્ય |
| --- |
| https://vimeo.com/showcase/7146000 |
| https://vimeo.com/showcase/7146027 |
| https://www.youtube.com/watch?v=r6mkcXuvgjo&feature=youtu.be |
| https://www.youtube.com/watch?v=CB28ahCE0ds&feature=youtu.be |
|  |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7146622 |
| https://vimeo.com/showcase/7146617 |
| https://www.youtube.com/watch?v=eK_qGIJlJBc&feature=youtu.be |

| મેરા ભારત મહાન. |
| --- |
|  |



| -: રામાયણ :- |
| --- |
| રાજા જનકનું મૂળ નામ? |

## दुर्लभं भारते जन्म

# ગળતેશ્વર મંદિર, ડાકોર, ગુજરાત



ગળતેશ્વર મંદિરએ પ્રાચીન શિવ મંદિર છે, જે ગુજરાતના ખેડા જિલ્લાના ડાકોર નજીક આવેલું છે. આ મંદિર બે નદીઓ, મહી નદી અને ગળતી નદીના સંગમ પર સરનાલ ગામની નજીક આવેલું છે. ગળતી નદી પરથી મંદિરનું નામ પડ્યું છે. આ મંદિર પુરાણકથાઓમાં વર્ણવાયેલા ગાલવ ઋષિ અને રાજા ચંદ્રહાસની સાથે સાંકળવામાં આવે છે. ૧૨મી સદીનું આ મંદિર તેની વિશિષ્ટ શૈલી માટે જાણીતું છે, જે મધ્ય ભારતની માળવા શૈલીમાં પરમાર સ્થાપત્યની અસર વગર અને ચૌલુક્ય (સોલંકી) સ્થાપત્યની અસર હેઠળ બંધાયેલું છે.

ઇતિહાસકારો એવું માને છે કે, મંદિર એવી વ્યક્તિ દ્વારા બાંધવામાં આવ્યું હતું કે જેને માળવાની ભુમિજા શૈલીની સીધી માહિતી ન હોય પણ ભુમિજા શૈલી વિશેના કોઈ ગુજરાતી ગ્રંથના આધારે મંદિરની રચના કરી હોય. ૧૨મી સદીનો અપરાજતાપ્રચ્છ આવો જ એક ગ્રંથ છે, જે માળવાના સમરાંગણ સુત્રધાર પર આધારિત છે. આથી એવું અનુમાન બાંધી શકાય કે આ મંદિર ૧૨મી સદીમાં બાંધવામાં આવ્યું હશે. આ મંદિરની કોતરણી, મૂર્તિઓ સોમનાથના કુમારપાળ મંદિર જેવી જ જણાય છે, જે સોલંકી (ચૌલુક્ય) વંશના રાજા કુમારપાળના શાસન દરમિયાન ૧૨મી સદીમાં બંધાયું હતું. મંદિર ના ગર્ભગૃહની આગળની દિવાલ કોતરણી ધરાવે છે, જેમાં શિવના વિવિધ રૂપો દર્શાવેલ છે અને તે લગભગ નષ્ટ પામેલ છે. ગર્ભગૃહના દ્વાર પર આબુ શૈલીના રૂપસ્થંભની કોતરણી કરેલ છે. આ શિલ્પો અને કોતરણીઓમાં ગાંધર્વો, ઘોડેસ્વારો, હાથીસવારો, રથ, જીવનથી મૃત્યુની ઘટમાળો વગેરેનો સમાવેશ થાય છે. ગળતેશ્વર મંદિરના શિખર અને મંડપનો ભાગ ૧૯૦૮માં નષ્ટ પામ્યો હતો.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।

૧ તમારા ઘરના વડીલોનું વિશેષ ધ્યાન રાખો, ખાસ કરીને એવા વ્યક્તિઓ જેમને જૂની બીમારી હોય તેમની વિશેષ કાળજી રાખવાની છે. તેમને કોરોનાથી ખાસ બચાવીને રાખવાના છે.

૨ લોકડાઉન અને સોશ્યલ ડિસ્ટન્સનું સંપૂર્ણ પાલન કરો. ઘરે બનાવેલ ફેસ માસ્ક પહેરવા.

૩ તમારી ઈમ્યુનિટી વધારવા આયુષ્ય મંત્રાલય દ્વારા જે નિયમો છે તેનું પાલન કરો, ગરમ પાણીનું સેવન કરો

૪ કોરોના સંક્રમણ રોકવા માટે આરોગ્યસેતુ મોબાઈલ એપ જરૂરથી ડાઉનલોડ કરી બીજાને પણ આ એપ ડાઉનલોડ કરાવો.

૫ જેટલું થઈ શકે તેટલું ગરીબ પરિવારનું ધ્યાન રાખો, તેમના ભોજનની આવશ્યકતા પૂરી કરો.

૬ આપણા વ્યવસાય ઉદ્યોગમાં કામ કરતા લોકો પ્રત્યે સંવેદના રાખી કોઈને નોકરીમાંથી ન કાઢો.

૭ દેશના કોરોના યોદ્ધાઓ, ડૉક્ટર નર્સ, સફાઈ કામદારો, પોલીસ વગેરેનું સન્માન કરી આદર કરો.

# -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |